# ટેરિફ તરીકે ગેરકાયદે વસૂલાયેલા ૧૩૦ અબજ ડોલરનું રિફંડ આપવા ટ્રેડ કોર્ટનો આદેશ

**યુએસ** કોર્ટ ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડ દ્વારા કસ્ટમ વિભાગને આદેશ અપાયો કે રિફંડ આપવા માટે ટેરિફ વસૂલ્યા વગરના શિપમેન્ટની એન્ટ્રી કોસ્ટ નક્કી કરવામાં આવે

ન્યૂયોર્ક, તા. ૫: અમેરિકાની એક ટ્રેડ કોર્ટના ન્યાયાધીશે બુધવારે સરકારને આદેશ આપ્યો છે કે તેઓ આયાતકારોને સંભવિત અબજો ડોલરના રિફંડ ચૂકવવાનું શરૂ કરે. ગયા મહિને સુપ્રીમ કોર્ટે આ ટેરિફને ગેરકાયદેસર ગણાવ્યા હતા.

મેનહટનમાં યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડના જજ રિચાર્ડ ઈટને, કોર્ટ ફાઈલિંગ અનુસાર, સરકારને આદેશ આપ્યો હતો કે ટેરિફ વસૂલ્યા વિના લાખો શિપમેન્ટને અમેરિકામાં લાવવાના ખર્ચને અંતિમ સ્વરૂપ આપવામાં આવે. તેમણે વ્યાજ સાથે આ રિફંડ ચૂકવવાનો આદેશ આપ્યો છે. જ્યારે પણ કોઈ માલ અમેરિકા લાવવામાં આવે છે, ત્યારે આયાતકાર એન્ટ્રી વખતે અંદાજિત રકમ ચૂકવે છે, જે આશરે 314 દિવસ પછી અંતિમ સ્વરૂપ લે છે, આ પ્રક્રિયાને 'લિક્વિડેશન' તરીકે ઓળખવામાં આવે છે. ઈટને કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP) ને નિર્દેશ આપ્યો હતો કે ટેરિફ વસૂલ્યા વગરના શિપમેન્ટની એન્ટ્રી કોસ્ટ નક્કી કરવામાં આવે, જેના પરિણામે રિફંડ મળશે.

કોર્ટની વેબસાઈટ પરના રેકોર્ડિંગ મુજબ, તેમણે બુધવારે કોર્ટની સુનાવણીમાં કહ્યું હતું કે, કસ્ટમ્સ આ કેવી રીતે કરવું તે જાણે છે. તેમણે ઉમેર્યું કે એજન્સીએ રિફંડ આપવા માટે તેની સિસ્ટમ પ્રોગ્રામ કરવામાં સક્ષમ હોવું જોઈએ, કારણ કે જ્યારે આયાતકાર અંદાજિત ડ્યુટી પર વધુ ચૂકવણી કરે ત્યારે નિયમિતપણે રિફંડ આપવામાં આવતા જ હોય છે. તેમણે કહ્યું, તેઓ આ દરરોજ કરે છે. તેઓ એન્ટ્રીઓનું લિક્વિડેશન કરે છે અને રિફંડ આપે છે. ન્યાયાધીશ ઈટને શુક્રવાર માટે પણ સુનાવણી નક્કી કરી છે.

બીજી તરફ, કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શને કોર્ટ ફાઈલિંગમાં જણાવ્યું છે કે ટેરિફ વસૂલ્યા વગર એન્ટ્રી ખર્ચ નક્કી કરવાનું કાર્ય મોટા પાયે અભૂતપૂર્વ છે અને તેમાં 7 કરોડથી વધુ એન્ટ્રીઓની મેન્યુઅલ રિવ્યૂની જરૂર પડી શકે છે. એજન્સીએ અન્ય કોર્ટ ફાઈલિંગમાં કહ્યું હતું કે રિફંડ ચૂકવવાના વિકલ્પોનું મૂલ્યાંકન કરવા માટે તેમને ચાર મહિના સુધીનો સમય જોઈએ છે.

## રશ્મિકા-વિજયનું ગ્રાન્ડ રિસેપ્શન: હૈદરાબાદમાં ઉમટ્યા સાઉથના સુપરસ્ટાર્સ



હૈદરાબાદ, તા. 5 (પીટીઆઈ): અભિનેતા દંપતી રશ્મિકા મંદાના અને વિજય દેવેરાકોંડાએ પરિવાર, મિત્રો અને ફિલ્મ ઉદ્યોગના સાથીદારો માટે એક ભવ્ય રિસેપ્શનનું આયોજન કર્યું હતું. આ બંને સ્ટાર્સે 26 ફેબ્રુઆરીના રોજ ઉદયપુરના આઉટસ્કર્ટ્સમાં આવેલી એક લક્ઝરી હોટલમાં ખાનગી સમારોહમાં લગ્ન કર્યાં હતાં. બુધવારે સાંજે તાજ કૃષ્ણ હોટલમાં યોજાયેલા આ રિસેપ્શનમાં અલ્લુ અર્જુન, ચિરંજીવી અને પુત્ર રામ ચરણ, નાગાર્જુન, તેમની પત્ની અમલા અને પુત્ર નાગા ચૈતન્ય સહિતના અનેક સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. રિસેપ્શન માટે મંદાના અને દેવેરાકોંડાએ પરંપરાગત પોશાક પસંદ કર્યો હતો. 29 વર્ષીય મંદાનાએ લાલ અને સોનેરી સાડી પહેરી હતી, જ્યારે 36 વર્ષીય વિજય ક્રીમ કલરના કુર્તા અને ધોતીમાં સજ્જ હતો, જેમાં તેમના ખભા પર એક શાલ ઓઢેલી હતી. જ્યારે તેઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે બંનેએ બહાર ઉભેલા પાપારાઝીઓ તરફ સ્મિત કર્યું અને હાથ હલાવીને અભિવાદન કર્યું, તેમજ હાથ જોડીને અને નમીને તેમનું સ્વાગત કર્યું હતું. દેવેરાકોંડાએ કહ્યું, "તમારા બધાના પ્રેમ માટે આભાર... આજે અમે આશા રાખીએ છીએ કે ઉજવણી પૂર્ણ કરીને શાંતિથી જાહેર જીવનથી દૂર થઈ જઈશું." આ રિસેપ્શનમાં દગ્ગુબાતી વેંકટેશ, રાધિકા સરથકુમાર, આર સરથકુમાર, નાની, નમ્રતા શિરોડકર અને પુત્રી સિતારા, શ્રીલીલા, દીક્ષિત શેટ્ટી પણ હાજર રહ્યા હતા. કૃતિ સેનન, કરણ જોહર, સુકુમાર, નીના ગુપ્તા અને તેમના પતિ વિવેક મહેરા, નવીન પોલીશેટ્ટી પણ આ ઉત્સવનો ભાગ બન્યા હતા.

## પ્રીતિ ઝિન્ટાએ પાલી હિલનો ફ્લેટ 18.50 કરોડમાં વેચ્યો

**રીડેવલપમેન્ટ** બાદ ફાળવાયેલી મિલકતનું વેચાણ; બાંદ્રામાં રૂ.100 કરોડના નવા રોકાણની તૈયારી



મુંબઈ, તા. 5: સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવવામાં આવેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, બોલીવુડ અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ મુંબઈના બાંદ્રાના પાલી હિલ વિસ્તારમાં એક ફ્લેટ રૂ.૧૮.૫૦ કરોડમાં વેચ્યો છે. આ ફ્લેટ તેની જૂની ઈમારતના રીડેવલપમેન્ટ બાદ એપ્રિલ ૨૦૨૫માં ઝિન્ટાને ફાળવવામાં આવ્યો હતો. છેલ્લા ચાર મહિનામાં ઝિન્ટા દ્વારા વેચવામાં આવેલો આ બીજો ફ્લેટ છે. નવેમ્બર ૨૦૨૫ના દસ્તાવેજો દર્શાવે છે કે, તેણે રુસ્તમજી પરિશ્રમ બિલ્ડિંગના ૧૧મા માળે આવેલો ૧,૪૭૪ ચોરસ ફૂટનો ફ્લેટ રૂ.૧૪ કરોડથી વધુમાં વેચ્યો હતો. ઝિન્ટાની નજીકનાં સૂત્રોએ ડિસેમ્બર ૨૦૨૫માં જણાવ્યું હતું કે, તે નવેમ્બરના વેચાણમાંથી મળેલી રકમનું મુંબઈના બાંદ્રા વિસ્તારમાં આશરે રૂ.૧૦૦ કરોડની નવી મિલકતમાં પુન:રોકાણ કરી શકે છે.

## સોનુ સૂદ ફરી મેદાનમાં: દુબઈમાં ફસાયેલા લોકો માટે કરી રહેવાની મફત વ્યવસ્થા



ચંદીગઢ, તા. 5: જાણીતા અભિનેતા અને નિર્માતા સોનુ સૂદે ફરી એકવાર મુશ્કેલ સમયમાં મદદનો હાથ લંબાવ્યો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિને કારણે દુબઈમાં ફસાયેલા લોકો માટે તેમણે મફત રહેવાની વ્યવસ્થા કરવાની જાહેરાત કરી છે. ખાસ વાત એ છે કે આ મદદ માત્ર ભારતીયો માટે જ નહીં, પરંતુ માનવતાના ધોરણે દરેક વ્યક્તિ માટે છે. સોનુ સૂદે કહ્યું કે જે લોકો દુબઈમાં ફસાયેલા છે અને જેમની પાસે રહેવા માટે સુરક્ષિત જગ્યા નથી, તેઓ કોઈપણ શરત અને પૈસા લીધા વગર તે બધાને મદદ કરશે. તેમણે લોકોને અપીલ કરી છે કે જો તમે અથવા તમારા કોઈ પરિચિત પાસે રહેવાની જગ્યા ન હોય તો તેઓ સીધા ઈન્સ્ટાગ્રામ દ્વારા તેમનો સંપર્ક કરી શકે છે. સોનુ સૂદની આ પહેલને સોશિયલ મીડિયા યુઝર્સે ફરી એકવાર ખુલીને સપોર્ટ કર્યો છે.

## વર્ષા ઉસગાંવકર સાથે લાખોની છેતરપિંડી: રોકાણના બહાને 47 લાખ પડાવ્યા

**5 લોકોને** છેતર્યા; મુંબઈ પોલીસે ગુનો નોંધ્યો



મુંબઈ, તા. 5 (પીટીઆઈ): મુંબઈ પોલીસે અભિનેત્રી વર્ષા ઉગાંવકર અને અન્ય ચાર લોકો સાથે રોકાણ પર આકર્ષક વળતર આપવાના બહાને 47 લાખ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ એક વ્યક્તિ સામે કેસ નોંધ્યો છે. એમ એક પોલીસ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનના અધિકારીએ એફઆઈઆરને ટાંકીને જણાવ્યું હતું કે, આરોપી અવિનાશ જાધવ સામેની કાર્યવાહી મૃણાલિની સુભાષ જાંભલેની ફરિયાદ પર કરવામાં આવી છે. પોતાની ફરિયાદમાં જાંભલેએ જણાવ્યું હતું કે, જાધવે પોતાની ઓળખ એક ફિલ્મ-નિર્માતા અને બિલ્ડર તરીકે આપી હતી અને તેને પડોશી થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં એક બાંધકામ પ્રોજેક્ટમાં રોકાણ કરવા માટે સમજાવ્યા હતા. એફઆઈઆરને ટાંકીને અધિકારીએ જણાવ્યું હતું કે, જાધવે વધુ વળતર અને એક વર્ષની અંદર મૂળ રકમ પરત કરવાની ખાતરી આપી હતી. અધિકારીના જણાવ્યા અનુસાર, નવેમ્બર 2019 અને ફેબ્રુઆરી 2020 ની વચ્ચે, ફરિયાદી, મરાઠી અને હિન્દી સિનેમામાં તેમના કામ માટે જાણીતા ઉગાંવકર અને અન્ય ત્રણ લોકોએ મળીને ચેક અને ઓનલાઇન ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ 47 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

## ગોવિંદાનો દાવો: મારી સલાહ પછી સલમાન ખાને ઓપરેશન કરાવ્યું



મુંબઈ, તા. 5: જ્યારે સલમાન ખાન અને ગોવિંદાએ 'પાર્ટનર' ફિલ્મમાં સાથે કામ કર્યું ત્યારે તેઓએ સ્ક્રીન પર ધૂમ મચાવી દીધી હતી. જોકે, તે વિલ સ્મિથ અને કેવિન જેમ્સ અભિનિત હોલીવુડ હિટ ફિલ્મ 'હિચ'નું અનધિકૃત રૂપાંતરણ હતું, આમ છતાં ડેવિડ ધવનની આ ફિલ્મે ભારતીય પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. સિદ્ધાર્થ કન્નન સાથેના તાજેતરના ઇન્ટરવ્યુમાં ગોવિંદાએ 'પાર્ટનર'ના દિવસોને યાદ કરતાં દાવો કર્યો હતો કે, જ્યારે સલમાન ખાન તે સમયે મૂંઝવણમાં હતો ત્યારે તેણે કારકિર્દી અંગે સલાહ માંગી હતી. બોલિવૂડ સુપરસ્ટારને 'ખૂબ જ નિખાલસ વ્યક્તિ' ગણાવતાં ગોવિંદાએ કહ્યું, ''તેણે મને પૂછ્યું કે મારે શું કરવું જોઈએ? મેં કહ્યું, 'સલમાન, તારે આ, આ અને આ કરવું પડશે. ચહેરો ઉતરી ગયો છે, થોડી બોડી તૈયાર કરી લે, થોડું એવું લાગે છે કે તારા વાળ ઓછા થઈ ગયા છે.'' ગોવિંદાએ કહ્યું, ''હું બહુ દારૂ નથી પીતો, પણ એક દિવસ થોડું પીતા-પીતા મેં એને આ વાત કહી. એ (સલમાન ખાન) ગયો અને ઓપરેશન કરાવ્યું, કસરત કરવાનું શરૂ કરી દીધું.''



# ઘેટા ચરાવવાના મેદાનમાં મિસાઈલ પડીને જમીનમાં ખૂંપી

સના, તા. ૫: સીરિયામાં એક સ્થળે ઘેટાં ચરાવવાના મેદાનની બરાબર મધ્યમાં જમીનમાં ખૂંપી ગયેલા ઈરાનના એક જીવતા (ન ફૂટેલા) મિસાઈલની ચોંકાવનારી તસવીરો સામે આવી છે. ભયાનક દેખાતું આ પ્રક્ષેપાસ્ત્ર એ હજારો મિસાઈલોમાંનું એક છે જે ઈરાન દ્વારા તાજેતરના દિવસોમાં છોડવામાં આવ્યા છે. ઈરાને આ હુમલો તેના શાસન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલાના જવાબમાં વળતા પ્રહાર તરીકે કર્યો છે. બુધવારે, પૂર્વી સીરિયાના વિસ્તારમાં આવેલા કામિશીના એક ખુલ્લા મેદાનમાં આ મિસાઇલ જોવા મળ્યું હતું, જે ત્યાં ચરતા ઘેટાંઓ માટે પણ જાણે કુતૂહલનો વિષય બન્યો હતો. યુવાન ગોવાળિયાઓ વિસ્ફોટકથી થઈ શકતા સંભવિત જોખમોથી અજાણ હોય તેમ, તે મિસાઇલને જોવા માટે તેની તરફ દોડી ગયા હતા. સદભાગ્યે કોઇ દુર્ઘટના બની ન હતી.

# ક્યુબામાં મોટો બ્લેકઆઉટ: લાખો લોકો વિજળી વિહોણા

**રાજધાની** હવાના તથા અન્ય અને વિસ્તારોમાં વિજળી પુરવઠો ખોરવાઇ ગયો

**દેશના** સૌથી મોટા થર્મોઇલેક્ટ્રીક પાવર પ્લાન્ટ્સમાંના એકમાં સમસ્યા ઉભી થઇ હોવાના અહેવાલ

હવાના, તા. ૫(એપી): હવાના અને બાકીના પશ્ચિમ ક્યુબામાં બુધવારે સર્જાયેલા બ્લેકઆઉટને કારણે લાખો લોકો વીજળી વગર ટળવળતા રહ્યા હતા. ઘટતા જતા તેલના ભંડાર અને જર્જરિત ઈલેક્ટ્રિક ગ્રીડ સામે ઝઝૂમી રહેલા આ ટાપુ પર આ નવીનતમ પાવર કટ છે.

સરકારી રેડિયો સ્ટેશન 'રેડિયો રેબેલડે' ઊર્જા અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે, ક્યુબાના સૌથી મોટા થર્મોઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટ્સમાંના એકમાં કામગીરી પુનઃસ્થાપિત કરવામાં ઓછામાં ઓછા 72 કલાક લાગી શકે છે, જ્યાં કામગીરી બંધ થવાને કારણે આ આઉટેજ સર્જાયો હતો. સરકારી ઈલેક્ટ્રિક યુટિલિટીએ સોશિયલ પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું કે આ આઉટેજની અસર પશ્ચિમના પિનાર ડેલ રિયોથી લઈને મધ્યના કમાગુએ શહેર સુધીના લોકો પર પડી છે.

ઊર્જા અને ખાણ મંત્રી વિસેન્ટે ડી લા ઓ લેવીએ બુધવારે મોડી રાત્રે X પર લખ્યું હતું કે, બે પાવર પ્લાન્ટ કાર્યરત થતાં સરકાર અસરગ્રસ્ત વિસ્તારમાં હોસ્પિટલો અને મેડિકલ ક્લિનિક જેવી મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓમાં વીજ પુરવઠો પૂરો પાડી રહી છે. તેમણે અગાઉ લખ્યું હતું કે, અમે ઉર્જાની જટિલ પરિસ્થિતિ વચ્ચે નેશનલ ઈલેક્ટ્રિક સિસ્ટમને પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છીએ. અમેરિકી એમ્બેસીએ લોકોને મોટા વિક્ષેપો માટે તૈયાર રહેવા અને ઈંધણ, પાણી, ખોરાક તથા મોબાઈલ ફોનની બેટરી બચાવવા ચેતવણી આપી હતી. એમ્બેસીએ X પર જણાવ્યું હતું કે, ક્યુબાની રાષ્ટ્રીય પાવર ગ્રીડ સતત અવિશ્વસનીય બની રહી છે, અને હવાના સહિત સમગ્ર દેશમાં નિર્ધારિત અને અનિર્ધારિત પાવર આઉટેજ લાંબા સમય સુધી ચાલતી રોજિંદી ઘટના બની ગઈ છે.



# ખામેનીના નિધન પર ભારતે શોક વ્યક્ત કર્યો

**વિદેશ** સચિવે ઈરાની દૂતાવાસની મુલાકાત લીધી

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ) ભારતે ગુરુવારે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ઈરાની રાજદૂતને ભારત સરકાર વતી સહાનુભૂતિનો સંદેશ પહોંચાડ્યો હતો.

આ ઉપરાંત વિદેશ મંત્રી એસ. જયશંકરે તેમના ઈરાની સમકક્ષ સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ફોન પર વાતચીત કરી હતી, પરંતુ આ વાતચીતમાં શું ચર્ચા થઈ તે અંગે હાલ કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

મિસરીએ ઈરાની દૂતાવાસની મુલાકાત લીધી હતી અને ભારત સરકાર વતી શોક સંદેશ પુસ્તિકા પર હસ્તાક્ષર કર્યા હતા. વિદેશ મંત્રાલયે પણ વિદેશ સચિવની ભારતમાં ઈરાની રાજદૂત મોહમ્મદ ફથલી સાથેની વાતચીતના ફોટોગ્રાફ્સ જારી કર્યા છે.

ખામેની 28 ફેબ્રુઆરીએ ઈઝરાયેલ-યુએસના હુમલામાં માર્યા ગયા હતા. જોકે, ભારતે વાતચીત અને મુત્સદ્દીગીરી દ્વારા પશ્ચિમ એશિયાના સંકટના ઉકેલ માટે આહવાન કર્યું હતું, પરંતુ તેણે ખામેનીની હત્યા પર પ્રતિક્રિયા આપી ન હતી.

મિસરીની ઈરાની દૂતાવાસની મુલાકાત અને શોક સંદેશ પુસ્તિકા પર હસ્તાક્ષર નોંધપાત્ર માનવામાં આવે છે. કારણ કે, અનેક વિરોધ પક્ષોએ ખામેનીના મૃત્યુ પર પ્રતિક્રિયા ન આપવા બદલ સરકારની ટીકા કરી હતી.

# બારામતી પ્લેન ક્રેશ: વીએસઆર વેન્ચર્સના માલિકની પૂછપરછ

**AAIBના 22** પાનાના અહેવાલ બાદ CID એક્શનમાં; ધારાસભ્ય રોહિત પવારે કંપનીને બચાવવાના આક્ષેપ કર્યા

પુણે, તા. ૫ (PTI): મહારાષ્ટ્ર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)એ ગુરુવારે વીએસઆર વેન્ચર્સના માલિક વી.કે. સિંહની પૂછપરછ કરી હતી. આ કંપની તે વિમાનનું સંચાલન કરતી હતી જે બારામતીમાં ક્રેશ થયું હતું અને જેમાં નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું અવસાન થયું હતું. એમ એક સીઆઈડી અધિકારીએ જણાવ્યું હતું.

સીઆઈડી અધિકારીએ જણાવ્યું કે, "વી.કે. સિંહનું નિવેદન નોંધવામાં આવી રહ્યું છે." જોકે, પૂછપરછ ચાલુ હોવાથી તેમણે વધુ વિગતો આપી ન હતી.

૨૮ જાન્યુઆરીના રોજ પુણે જિલ્લાના બારામતી એરસ્ટ્રીપ પાસે વીએસઆર વેન્ચર્સ દ્વારા સંચાલિત લિયરજેટ ૪૫ વિમાન ક્રેશ થયું હતું, જેમાં અજિત પવાર અને અન્ય ચાર લોકોનાં મોત થયાં હતાં.

આ વિમાન દુર્ઘટના બાદ બારામતી તાલુકા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો હતો અને બાદમાં આ કેસ પુણે સીઆઈડીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. અગાઉ, રાજ્ય એજન્સીએ જણાવ્યું હતું કે, તેમનું ધ્યાન એ જાણવા પર છે કે આ દુર્ઘટના પાછળ તોડફોડ કે ગુનાહિત બેદરકારી હતી કે કેમ.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વી.કે. સિંહની પૂછપરછના થોડા દિવસો પહેલા સીઆઈડીએ વિમાન દુર્ઘટનાની તપાસના સંબંધમાં વીએસઆર વેન્ચર્સને પ્રશ્નોની યાદી મોકલી હતી.

એનસીપી (એસપી)ના ધારાસભ્ય રોહિત પવારે બુધવારે આક્ષેપ કર્યો હતો કે, કોઈ વીએસઆર વેન્ચર્સને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી)ના પ્રાથમિક અહેવાલે તેમની અગાઉની શંકાઓને સાબિત કરી છે.

આ દુર્ઘટના પરના ૨૨ પાનાંના પ્રાથમિક અહેવાલમાં, એએઆઈબીએ જણાવ્યું છે કે, ક્રેશ સમયે દ્રશ્યતા જરૂરી સ્તર કરતાં ઓછી હતી. અહેવાલમાં રનવે પરના ઝાંખા માર્કિંગ અને રનવેની સપાટી પર છૂટા કાંકરા હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



# હજારો કુર્દીશ લડવૈયાઓએ ઇરાનમાં ભૂમિ આક્રમણ શરૂ કર્યું

**ઇરાની** જનતામાં બળવો ભડકાવવા કુર્દીશ જૂથોની મદદ લેવાની અમેરિકાની યોજના

**કુર્દીશ** સેનાએ ઉત્તર-પશ્ચિમ ઇરાનમાં મોરચો ખોલ્યો

ઇરબિલ(ઇરાક), તા. ૫: એક અમેરિકી અધિકારીના જણાવ્યા અનુસાર, હજારો કુર્દિશ લડવૈયાઓએ ઈરાનમાં જમીની આક્રમણ શરૂ કર્યું છે.

ઈરાકની સરહદ પર સ્થિત કુર્દિશ મિલિશિયાએ બુધવારે ઉત્તર-પશ્ચિમ ઈરાનમાં આ મોરચો ખોલ્યો હતો.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે રાત્રે ઈરાકની સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે ઈરાકના કુર્દિશ સંગઠનોના વડાઓ સાથે વાતચીત કરી હતી.

મંગળવારે CNN એ અહેવાલ આપ્યો હતો કે સીઆઈએ (CIA) જનતામાં બળવો જગાડવાના ઉદ્દેશ્ય સાથે કુર્દિશ દળોને સજ્જ કરવાની યોજનાઓ પર વિચાર કરી રહી હતી.

કુર્દિશ જૂથોને ઈરાની સરકારના વિરોધીઓના સૌથી સંગઠિત જૂથ તરીકે જોવામાં આવે છે અને માનવામાં આવે છે કે તેમની પાસે હજારો યુદ્ધ-અનુભવી લડવૈયાઓ છે.

યુદ્ધમાં તેમનો પ્રવેશ તેહરાનના ઘેરાયેલા સત્તાવાળાઓ માટે મોટો પડકાર બની શકે છે અને ઈરાકને પણ આ સંઘર્ષમાં વધુ ઊંડે સુધી ખેંચી જવાનું જોખમ ઊભું કરી શકે છે.

કુર્દિશ સંડોવણી વિશે પૂછવામાં આવતા, અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે પત્રકારોને કહ્યું: 'અમારો કોઈ પણ ઉદ્દેશ્ય કોઈ ચોક્કસ જૂથના સમર્થન કે શસ્ત્રીકરણ પર આધારિત નથી. તેથી, અન્ય સંસ્થાઓ શું કરી રહી છે તેનાથી અમે વાકેફ છીએ, પરંતુ અમારા ઉદ્દેશ્યો તેના પર કેન્દ્રિત નથી.'

ઉત્તરી ઇરાકના અર્ધ-સ્વાયત્ત કુર્દિશ ક્ષેત્રમાં સ્થિત કુર્દિસ્તાન ફ્રીડમ પાર્ટી (PAK) ના અધિકારી ખલીલ નાદિરીએ બુધવારે જણાવ્યું હતું કે, તેમના કેટલાક દળો ઈરાની સરહદ નજીકના વિસ્તારો તરફ ગયા છે. કુર્દિશ જૂથો પાસે ઈસ્લામિક સ્ટેટ સામેની લડાઈનો યુદ્ધ અનુભવ છે.

ઈરાનમાં કુર્દોનો વર્તમાન ઈસ્લામિક રિપબ્લિક અને તે પહેલાના રાજાશાહી શાસન એમ બંને સામે અસંતોષ અને બળવાઓનો લાંબો ઈતિહાસ રહ્યો છે.